સુવિચાર : હીરો અને સોનું પોતપોતાના આકાર પકડી રાખવોનો દુરાગ્રહ રાખે તો વીંટી બનાવી શકાય - ડો. ચંદ્રકાન્ત મહેતા

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૪ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૫, સોમવાર ; શ્રાવણ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

● ગુનેગારોના નેશનલ ફિંગરપ્રિન્ટ ડેટા બેઝની ટૂંકમાં રચના કરાશે

● મિડડે મિલ યોજના પર કોઇ રાહત આપવાનો મોદી સરકારનો ઇન્કાર

● હવે તમામ ટ્રેનમાં સીસીટીવી કેમેરા સ્થાપિત કરવા તૈયારી

● ડિસઇન્વેસ્ટમેન્ટ : IOCમાં આજે ૧૦ ટકા હિસ્સો વેચવાની તૈયારી

● પાંચ આઈપીઓ મહિનામાં બજારમાં આવે તેવા એંધાણ

● સોનાની માંગ ૯૫૦ ટન સુધી પહોંચે તેવી શક્યતા

● ટ્યુરિઝમમાં ૨૦ ટકાનો ઉલ્લેખનીય વધારો

● આરબીઆઈ વ્યાજદરમાં ફરી ઘટાડો કરશે : લોન સસ્તી થશે

● દેશમાં મૃત્યુદંડની સજા અંગે પંચ ટુંકમાં અહેવાલ આપશે

● પાકિસ્તાનમાં ડોન દાઉદના નવથી વધુ મકાનો : સરકાર

# વર્ગ-વિગ્રહ તરફ ધકેલાતું આંદોલન



ગાંધીનગર, તા.૨૩

ગુજરાત આખુ અનામતની આગમાં લપેટાતું જાય છે. આગામી ૨૫મીએ અમદાવાદમાં પાટીદાર સમાજની મહારેલી અને મહાસભાના આયોજનને પગલે સમગ્ર રાજયમાં ભારે ઉત્તેજના પ્રસરી છે. બીજી તરફ ઓબીસી સંલગ્ન જ્ઞાતિ સમાજો પણ મેદાનમાં ઉતર્યા છે. બ્રાહ્મણ સમાજ, ક્ષત્રિય સમાજ, વૈષ્ણવ સમાજ જેવા તમામ નાના મોટા જ્ઞાતિજનો આંદોલનના શસ્ત્રો સજાવી રહ્યા છે. દેકારા-પડકારાથી વાતાવરણ આખુ ગાજતું જાય છે. કયાંક શાકભાજી-દુધ બંધ કરવાની જાહેરાતો થાય છે તો ટોલટેકસના બહિષ્કારના પડકારો અપાય છે. જ્ઞાતિ-સમાજો પણ પોતપોતાની રીતે અવાજને બુલંદ કરવા રોડ પર ઉતરી આવ્યા છે. સાણંદની ક્ષત્રિય રેલી કે આરટીઓ સર્કલ પાસે ઓબીસીના ધરણાં કે વિજય ચોકમાં પાટીદારોની મહાસભા ભારે ઉત્તેજનાત્મક રહી એટલું જ નહીં ચિંતા ઉપજાવે એવી રહી.

અનામત માંગવાના મામલે યોજાતી જાહેરસભાઓમાં ભાષણો ભડકાઉ બનતા જાય છે. સરકારો સામેના આક્ષેપો તો થાય અને થાય જ, પરંતુ સંલગ્ન સમાજો અને સામાજીક વર્ગો સામે ઉચ્ચારણોમાં ભાષા વિવેક ગુમાવાતો જાય છે. ચૌર ને ચૌટે દલીલોનું બજાર ગરમ બનતું જાય છે અને વાતે વાતે ઉશ્કેરાટનો માહોલ થતો જાય છે. હજુ પણ મોડુ થાય તે પહેલા સરકાર અને સમાજના મોભીઓ આંદોલનની આગને ઠારવા પ્રમાણિક પ્રયાસો કરે એ જરુરી છે. નહીં તો વિકાસને માર્ગે દોડતું ગુજરાત ફરી એકવાર વર્ગ વિગ્રહ તરફ ધકેલાઈ જશે. શહેરો કરતાં ગામડાઓમાં ભારેલો અગ્નિ છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે, સમાજ-સમાજ

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદારની મહાસભાને પગલે અભૂતપૂર્વ બંદોબસ્ત

**અમદાવાદ પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરાઈ : કોઈપણ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે અગમચેતીના તમામ પગલા લેવાયા : શહેરના ૧૫ મહત્વના પોઈન્ટ ઉપર બુલેટપ્રુફ વાહનો ગોઠવાયા**

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ શહેરમાં પાટીદાર સમુદાયના અનામતના મુદ્દાને લઈને કરવામાં આવેલા આયોજનને ધ્યાનમાં લઈને પોલીસે તમામ તૈયારીઓ કરી લીધી છે. ૨૫મીના દિવસે જીએમડીસી મેદાનમાં પાટીદારોની મહાસભાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા પોલીસે કમરકસી લીધી છે. પોલીસે બંદોબસ્તની વ્યૂહરચના તૈયાર કરી લીધી છે. આ અંગે આજે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માહિતી આપતા સ્પેશિયલ બ્રાંચના જેસીપી વિકાસ સહાયે કહ્યું હતું કે, રેલીમાં સંપૂર્ણ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. રેલીના દિવસે જુદા જુદા રુટ પરથી પાટીદારો ગ્રાઉન્ડ ઉપર પહોંચનાર છે જેથી કોઇ સમસ્યા ન નડે તે માટે આયોજન કરવામાં આવી ચુક્યું છે.

ઘણા રસ્તાઓ બંધ રાખવામાં આવ્યા છે જેમાં શિવરંજની ચાર રસ્તાથી એઈસી ચાર રસ્તા સુધીના માર્ગ, નહેરુનગર સર્કલથી દર્પણ સર્કલ સુધીના માર્ગ, વિજય ચાર રસ્તાથી ડ્રાઈવઈન રોડ થલતેજ



સુધીના માર્ગને બંધ રાખવામાં આવશે. કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ માર્ગો બંધ રહેશે. નહેરુનગરથી શિવરંજની થઈ ઈસ્કોન જતાં માર્ગને પણ બંધ રાખવામાં આવનાર છે.

આટલી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ રહ્યા છે ત્યારે ભાંગફોડની પ્રવૃત્તિ કરનાર તત્વો પોતાનો બદઈરાદો પાર પાડવા કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ ખાતે પછાત જાતિઓ દ્વારા પણ મહાધરણા યોજાયા

**અનામતના ક્વોટામાં અન્યોને હિસ્સો નહી મળે : પટેલોને ઓબીસીમાં સામેલ કરવાની માંગની સામે વિરોધ પ્રદર્શન આરટીઓ સર્કલ નજીક અનામત બચાવો ધરણા**

અમદાવાદ,તા. ૨૩

ગુજરાતમાં રાજકીયરીતે ખુબ જ મજબૂત પટેલ સમુદાયને અન્ય પછાત વર્ગ ઓબીસીમાં સામેલ કરવાને લઈને આંદોલનનો દોર ચાલી રહ્યો છે ત્યારે આજે પટેલોને ઓબીસીમાં સામેલ કરવાની માંગની સામે અન્ય પછાત જાતિઓ દ્વારા પણ મહાધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અનામતના લાભ આપવાની માંગના વિરોધમાં રાજ્યની ૧૪૬ પછાત જાતિઓના સંગઠન ઓબીસી એકતા મંચ દ્વારા આરટીઓ સર્કલ નજીક અનામત બચાવોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫મી ઓગસ્ટના દિવસે પટેલ સમુદાયના સંગઠન પાટીદાર અનામત આંદોલન સમિતિની સૂચિત ક્રાંતિકારી મહારેલીને લઈને તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આના પહેલા આયોજિત કરવામાં આવેલા આ ધરણાનું નેતૃત્વ કરનાર ઠાકોર ક્ષત્રિય સેનાના અધ્યક્ષ અલ્પેશે દાવો કર્યો હતો કે, પટેલ સમુદાયના અનામત સમર્થક આંદોલનથી રાજ્યની અન્ય પછાત જાતિઓ ખુબ જ ચિંતિત છે. તેમણે કહ્યું હતું કે, તેમને પોતાના ૨૭ ટકા અનામતના ક્વોટામાંથી અન્ય કોઈને હિસ્સેદારી આપવામાં આવે તે પસંદ નથી અને આને ચલાવી લેશે નહીં. ઓબીસીમાં પટેલ સમુદાયને સામેલ કરવાની માંગ ઉપર પ્રશ્ન ઉઠાવતા સંગઠનના અન્ય એક નેતા બાબુ વાઘેલાએ કહ્યું હતું કે, રાજ્યમાં કેબિનેટ સ્તરના ૫૦ ટકા પ્રધાન પટેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આંદોલન સમિતિના સભ્યો સાથેની મંત્રણા બેઠક નિષ્ફળ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકાર અને અનામત આંદોલન સમિતિના સભ્યો વચ્ચે યોજાયેલી મંત્રણા બેઠક નિષ્ફળ જતાં આગામી ૨૫મીના રોજ અમદાવાદ ખાતે યોજાનાર પાટીદાર સમાજની મહારેલીનો કાર્યક્રમ યથાવત રીતે જ યોજાનાર છે.

રાજ્ય સરકારે ગઈકાલે અનામત આંદોલન સમિતિના ૬ સભ્યોને નામ જોગ ચર્ચા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેના પગલે આજે સરકારે રચેલી સમિતિના સભ્યો અને આંદોલન સમિતિના ત્રણ સભ્યો વચ્ચે મંત્રણા બેઠક યોજાઈ હતી.

આ બેઠક બાદ આંદોલન સમિતિના સભ્ય દિનેશ પટેલે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે અમને જે આમંત્રણ આપ્યું હતું તેમાં ચર્ચા માટેનો કોઈ જ એજન્ડા ન હતો કે અમને શું આપવા માંગે છે એની કોઈ જ ફોર્મ્યુલા ન હતી. આથી આ આમંત્રણ સ્વીકાર્ય ન હોઈ અમે આ આમંત્રણનો અસ્વીકારનો પત્ર આપવા આવ્યા છીએ. અમારી માંગણીને લઈને આ બેઠક નિષ્ફળ ગઈ છે.

તેમણે જણાવ્યું હતું કે અમારી સ્પષ્ટ માંગણી છે કે પાટીદાર સમાજને ઓ.બી.સી.માં સમાવવામાં આવે, શિક્ષણ માટે શીષ્યવૃત્તિ સહિતના અન્ય લાભો આપવામાં આવે, પરંતુ સરકારે એજન્ડામાં કશું જ મુક્યુ નથી. તેમણે ઉમેર્યું હતું કે અમારે આર્થિક પેકેજ જોઈતુ નથી. અમારી એક જ માંગણી છે કે અમને ઓ.બી.સી.માં સમાવવામાં આવે.

**૨૫મીએ મહારેલીનો કાર્યક્રમ યથાવત : આર્થિક પેકેજ નહી અમને ઓ.બી.સી.માં સમાવો : દિનેશ પટેલ**

તેમણે જણાવ્યું હતું કે આ બેઠક નિષ્ફળ ગઈ છે અને આગામી ૨૫મીએ અમદાવાદમાં મહારેલીનો જે કાર્યક્રમ આપવામાં આવ્યો છે તે ચાલુ જ છે અને રેલી યોજાશે. આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે.

તેમણે જણાવ્યું હતું કે ૨૫મીની રેલી પછી જો રાજ્ય સરકાર કોઈ ફોર્મ્યુલા ઘડશે તો ચર્ચા કરીશુ.

# શંકાસ્પદ વ્યક્તિ-ચીજ અંગે ફોન કરવા પોલીસની અપીલ

| ઓફિસ | ટેલિફોન નંબર |
|---|---|
| ક્રાઈમ બ્રાંચ | ૦૭૯-૨૫૩૯૮૫૪૯ |
| ક્રાઈમ બ્રાંચ | ૦૭૯-૨૫૩૯૦૬૩૪ |
| એસઓજી | ૦૭૯-૨૬૮૨૩૦૨૨ |
| કન્ટ્રોલ રૂમ | ૦૭૯-૨૫૬૩૦૧૦૦/૨૦૦/૩૦૦ |

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

BIG LOANS
50 LAC to 50 CRORES
• Doctor-CA-Bussiness Loan
• Home @ 9.70%,
• Mortgage@11.5%
• Loan Against
CAR-SHARES-GOLD
ANAND ASSOCIATE
9327523525 (Bank Partner)
anandsheth24@yahoo.com



Our three Container Freight Stations are located near JNPT Port, the largest* container port in India.

THE NAVKAR FACILITIES
• Strategically located near JNPT Port
• Three Container Freight Stations at Panvel
• Cargo handling capacity - 310,000 TEUs per annum (as on May 31, 2015)
• Private Rail Freight Terminal between JNPT Port and our Somathane CFS
• Facilities spread over 3.59 million sq. ft.
• 92 Reefer plug points for refrigerated cargo

Navkar Corporation Ltd
Container Freight Stations & Rail Terminals
www.navkarcfs.com

(* Source: http://www.ipa.nic.in/oper4d_2014.htm)

Adfactors 206A

NAVKAR CORPORATION LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make a public offer of its Equity Shares and has filed the Red Herring Prospectus ("RHP") with Registrar of Companies, Maharashtra at Mumbai ("RoC"). The RHP shall be available on the websites of Securities and Exchange Board of India ("SEBI"), BSE Limited ("BSE"), the National Stock Exchange of India Limited ("NSE", and together with the BSE, the "Stock Exchanges") and Joint Global Coordinators and Book Running Lead Managers ("JGCBRLMs") at www.sebi.gov.in, www.bseindia.com, www.nseindia.com, www.axiscapital.co.in, www.edelweissfin.com and www.sbicaps.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the RHP, including, the section titled "Risk Factors" beginning on page 14 of the RHP. This announcement is not an offer for sale of securities in the United States. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") and may not be offered or sold within the United States (as defined in Regulation S of the U.S. Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. There will not and is not currently intended to be any public offering of securities in the United States. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A ("Rule 144A") under the Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a)(2) of the U.S. Securities Act.